પ્રવાસી

# જર્મન નાગરિક પીટર ર્યુહેનને 'મહાત્મા ગાંધી સ્મૃતિ પુરસ્કાર'



રાજકોટ, તા. ૮ : પશ્ચિમ બર્લિનના વતની પીટર ર્યુહેનને તેમના દ્વારા થતા ગાંધી વિચારસરણીના વિશ્વના દેશોમાં પ્રસાર-પ્રચાર કરવા તથા વિશ્વશાંતિને જીવનનું ભાથું બનાવવા માટે અહીં સંસ્કાર શિક્ષણ સેવા ટ્રસ્ટ પ્રેરિત 'શબ્દરંગ'નો 'મહાત્મા ગાંધી સ્મૃતિ પુરસ્કાર' જાહેર કરવામાં આવ્યો છે. આ પુરસ્કાર ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં જાહેરસભામાં એનાયત કરવામાં આવશે.

શ્રી પીટર બર્લિનસ્થિત ગાંધી ઈન્ફોરમેશન સેન્ટરના સ્થાપક પ્રમુખ છે. તેમણે જર્મની, ડેન્માર્ક, ઈંગ્લેન્ડ, ઈઝરાયલ તથા ભારતમાં પ્રદર્શનો, ફિલ્મ, પુસ્તકો વગેરે માધ્યમો દ્વારા ગાંધીવિચાર પ્રસાર કર્યો છે. મીરાંબહેન પર ઑસ્ટ્રીયન ટી.વી. પ્રોડક્શનમાં, ચિપ્કો આંદોલન વગેરે પ્રવૃત્તિઓમાં તેમણે સલાહકાર તરીકે સેવા આપી છે.

ભારત બહાર વિશ્વના તમામ દેશોમાં ગાંધી સાહિત્ય, ફિલ્મ, ફોટોગ્રાફ, હસ્તપ્રત, પત્રો વગેરે સંરક્ષિત કરવામાં ર્યુહેને મહત્વનો ફાળો આપ્યો છે.